# શરીર ઉપર દેખાતા મસાની હોમિયોપેથિક સારવાર

**દાદાજીના** શરીર ઉપર રહેલ મસા સાથે પૌત્રને રમતા તમે જોયો હશે. સંડાસની જગ્યાએ થતા મસાને પાઈલ્સ (Piles) તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે શરીરના અન્ય ભાગમાં લટકતી ચામડી જેવા ભાગને વોટર્સ (Warts) તરીકે ઓળખવામાં આવે છે. આવો આપણે આ વોટર્સ વિષે વધારે માહિતી મેળવીએ તથા તેનો હોમિયોપેથિક ઉપચાર પણ જાણીએ.

આ મસા નાના બાળકથી માંડીને વૃદ્ધ માણસમાં જોવા મળે છે. ખાસ કરીને ગળાના ભાગમાં વિશેષ જોવા મળે છે. આ ઉપરાંત ચહેરા ઉપર, આંખની પાંપણ ઉપર, આંગળી તથા નખની આજુબાજુ, હાથના પાછળના ભાગમાં, બગલમાં કે શરીરના કોઈ પણ ભાગ ઉપર જોવા મળે છે. તેની સંખ્યામાં પણ ભિન્નતા રહેલી હોય છે તે એક કે બેની સંખ્યાથી માંડીને વધારે સંખ્યામાં પણ જોવા મળે છે. આ ઉપરાંત તેના આકાર, રંગ, કદમાં પણ ખૂબ ભિન્નતા જોવા મળે છે. અમુક મસા ચામડીથી જોડાઈને લટકતા હોય તેવા જોવા મળે છે. જ્યારે અમુક મસા સ્પર્શ કરતાં કઠણ લાગે છે અને બેઠા ઘાટના હોય છે. મોટા ભાગના મસા રંગે ચામડી કલરના હોય છે. આ ઉપરાંત બ્રાઉન કે કાળા કલરના મસા જોવા મળે છે. ખાસ કરીને આ મસા આપણને કોઈ તકલીફ કરતા હોતા નથી. પરંતુ અમુક વખતે મસામાંથી લોહી નીકળતું હોય છે અથવા સ્પર્શ કરતાં દર્દનો અનુભવ થતો હોય છે. આવા સમયે તેની સારવાર કરવી જરૂરી બને છે. ખાસ કરીને ચહેરા ઉપરના મસા દેખાવમાં અચડણરૂપ થતા હોવાથી દર્દી તેને દૂર કરવા અધીરા બનતા હોય છે. પરંતુ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે ૭૫ ટકા મસા બે વર્ષના સમયમાં કોઈ પણ સારવાર વગર દૂર થઈ જાય છે.

હવે સવાલ એ થાય કે આ મસા કેમ થાય છે ? મસા એ વાઈરલ ઈન્ફેક્શનને કારણે થતા હોય છે. તેથી મસા ચેપી હોય છે. પરંતુ તેના ચેપનો ફેલાવો ખૂબ જ ધીમી ગતિએ થતો હોય છે. ઘણી વખત તે નાના કદમાંથી વૃદ્ધિ પામીને કદમાં મોટા બને છે અથવા તો વર્ષો સુધી તેના કદમાં કોઈ પણ ફેરફાર પણ થતો હોતો નથી.

આગળ લખ્યું તે પ્રમાણે આ મસા કોઈ નુકસાન કરતા નથી. પરંતુ દેખાવની સભાનતાને કારણે જ તેની સારવાર વધારે જરૂરી બની છે. ચામડીના નિષ્ણાત પાસે સારવાર માટે જવાથી મોટા ભાગના કેસમાં નાની સર્જરી કરી દૂર કરવામાં આવે છે અથવા એસિડથી બાળી નાખવામાં આવે છે. આમ કરવા છતાં નવા મસા થવાની પૂરી શક્યતા રહેલી હોય છે. ઘણી વખત સર્જરી પછી મસો નીકળી જતો હોય છે પરંતુ તેનો ડાઘ રહી જાય છે. માટે જ આવા કિસ્સાઓમાં હોમિયોપેથિક સારવાર લેવી વધારે સલાહભર્યું છે. આ સારવારથી હાલના મસા તો દૂર થાય છે ઉપરાંત વારંવાર થતા મસાને પણ રોકી શકાય છે.

આ માટે હોમિયોપેથિકમાં થુજા એ પ્રમુખ દવા છે. બજારમાં થુજા ગોળી સ્વરૂપે, ઓઈન્ટમેન્ટ રૂપે કે ટીંચરરૂપે મળે છે. ઓઈન્ટમેન્ટ કે ટીંચર મસા ઉપર લગાવવાની હોય છે સાથે થુજા ચોક્કસ પાવરમાં મોં વાટે ખાવાની પણ હોય છે. થુજા ઉપરાંત કોસ્ટીકમ, ડલ્કામારા પણ ઉપયોગી દવા છે. મસામાંથી લોહી આવતું હોય તો નાઈટ્રીક એસિડ ઉપયોગી દવા છે. આ દવાઓ જ અંતિમ દવાઓ નથી. ઉપરની દવાઓથી પરિણામ ન મળતા કેસમાં તે વ્યક્તિના માનસિક તથા શારીરિક બંધારણનો અભ્યાસ કરી ચોક્કસ દવા નક્કી કરવામાં આવે છે જે યોગ્ય માત્રામાં ધીરજપૂર્વક લેવાથી ચોક્કસ ફાયદો થતો હોય છે.

◆ **- ડૉ. કેતન વી. શાહ**

સંદેશ અર્ધ સાપ્તાહિક
તા - ૨૨/૫/૦૨